પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૬૫ | ૧૬ મે, ૨૦૧૭, મંગળવાર ; વૈશાખ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગુજરાતમાં રેન્સમવેર વાઈરસ એટેકથી હાહાકાર

## સાવચેતીના પગલારૂપે વિવિધ બેંકોના એટીએમ બંધ કરાયા : સરકારી કચેરીઓથી માંડીને ખાનગી કંપનીઓમાં અસરો : ક્યાંક કોમ્પ્યુટર સીસ્ટમ ઠપ્પ તો ક્યાંક સર્વરડાઉન : કામગીરીઓ ખોરવાઇ, તંત્ર દોડતુ થયું

અમદાવાદ, તા.૧૫ કોમ્પ્યુટરને લોક કરીને ખંડણી માંગતા રેન્સમવેર વાનાક્રાઇ વાઈરસની અસર વધીને વિશ્વના ૧૫૦થી વધુ દેશોમાં થઈ છે. અમદાવાદ સહિત સમગ્ર ગુજરાત રાજયમાં રેન્સમવેર વાઈરસની ખતરનાક અસરો જોવા મળી હતી. ગુજરાતમાં સરકારી કચેરીઓ, પોલીસતંત્ર, કલેકટોરેટ, આરટીઓ સહિતની વિવિધ કચેરીઓમાં વાઈરસના કારણે કામગીરી ખોરવાઈ ગઈ હતી અને સર્વર ડાઉનના પ્રોબ્લેમ સર્જાયા હતા. વાઈરસના ખતરા જોતાં અને અગમચેતીને પગલારૂપે સરકાર અને વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે અરજન્ટ માર્ગદર્શિકા અને તકેદારીની સૂચનાઓ જારી કરવામાં આવી હતી. બીજીબાજુ, આજે મોડી સાંજ બાદ રાજયના ઘણા એટીએમ પણ સુરક્ષા અને અગમચેતીના કારણોસર બંધ કરી દેવાની ફરજ પડી હતી. રેન્સમવેર વાઈરસથી ગુજરાત સહિત દેશભરમાં જાણે કે, એક પ્રકારનો કેઓસ ઉભો થયો છે. ખાસ કરીને કોમ્પ્યુટર-ઈન્ટરનેટ યુઝર્સમાં ડરનો એક માહોલ છવાયો છે ત્યારે આજે સરકારી તંત્રથી લઈ ખાનગી કંપનીઓ અને કચેરીઓમાં વાઈરસની અસરો જોવા મળી હતી. ગુજરાતમાં પોલીસભવનથી લઈ વિવિધ સરકારી કચેરીઓ, કલેકટરોરેટ, આરટીઓ કચેરી, પોસ્ટલ કચેરી સહિતની જુદી જુદી

● અનુસંધાન પાન-૭ પર

## બેંકો માટે આરબીઆઈ દ્વારા માર્ગદર્શક સુચનો

### રેન્સમવેર એટેકથી નેટવર્કને બચાવવા શું કરવું અને શું ન કરવું તે સંદર્ભમાં સીઈઆરટી-ઇન દ્વારા હવે માર્ગદર્શન




નવીદિલ્હી, તા. ૧૫ આરબીઆઈએ રેન્સમવેર વાયરસના હુમલાને રોકવા માટે આજે બેંકો માટે કેટલાક સૂચનો જારી કર્યા હતા. આરબીઆઈએ સરકારી સંસ્થા સીઈઆરટીના માર્ગદર્શન મુજબ ચાલવાની સૂચના આપવામાં આવી છે. આના કારણે ઘણી તકલીફથી બચી શકાય છે. રેન્સમવેર વાયરસના કારણે ૧૫૦થી વધુ દેશોમાં આઈટી નેટવર્ક ઉપર માઠી અસર થઈ છે. ઈન્ડિયન કોમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ (સીઈઆરટી-ઈન) દ્વારા કેટલાક સૂચનો જારી કરવામાં આવ્યા છે. વૈશ્વિક રેન્સમવેર એટેકથી બચવા નેટવર્ક માટે શું કરવું અને શું કરવું તેના માટે સૂચના આપવામાં આવી છે. એવા સમાચાર મળ્યા છે કે, નવા રેન્સમવેર વન્નાક્રાઈ ઝડપથી ફેલાઈ રહ્યો છે. આરબીઆઈએ બેંકોને જરૂરી સૂચના આપી છે. વાનાક્રાઈ વાયરસના કારણે વિન્ડો સિસ્ટમ ઉપર અસર થઈ રહી છે. મેઈલવેરથી તેમની સિસ્ટમને રોકવા એટીએમ ખાતે સોફટવેર અપડેટ ગોઠવવા બેંકોને સૂચના આપી છે. વિશ્વમાં આ મેઈલવેર દ્વારા પેમેન્ટ સિસ્ટમ ઉપર હુમલા કરવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે અલગ મેઈલવેર એટેકમાં ૩.૨ લાખ ડેબિટકાર્ડને અસર થઈ હતી. એટીએમ મશીનમાંથી યુઝરોના ડેટા સાથે ચેડા થઈ ગયા હતા. ગયા વર્ષે મે, જુન અને જુલાઈમાં આ ચેડા થયા હતા. ઘણા દ્વારા હિટાચી એટીએમ ગોઠવવામાં આવ્યા છે જ્યારે અન્યત્ર પણ સુવિધા ગોઠવવામાં આવેલી છે. એટીએમને સરળરીતે ટાર્ગેટ બનાવી શકાય છે.

## ન્યુઝ ટ્રેક

### રાફેલ નડાલે ડોમિનિક થીમને હરાવી મેડ્રિડ ઓપન જીતી

રાફેલ નડાલે ડોમિનિક થીમને મેડ્રિડ ઓપનમાં ફાઈનલમાં હરાવી મેડ્રિડ ઓપન પર કબજો કર્યો હતો. આ સાથે નાડાલના રેન્કિંગમાં પણ સુધારો થયો હતો. નડાલ હવે વર્લ્ડ રેન્કિંગમાં ચોથા ક્રમ પર પહોંચી ગયો છે. નડાલે સતત ત્રણ ટાઈટલ જીતી વર્લ્ડ રેન્કિંગમાં રોજર ફેડરરને પાછળ છોડ્યો હતો.

### બીએસએફએ ગુરદાસપુરમાં મહિલા ઘુસણખોરને ઠાર મારી

પંજાબના ગુરદાસપુરમાં બીએસએફએ ઘુષણખોરીનો પ્રયાસ કરનાર પાકિસ્તાની મહિલાને ઠાર મારી હતી. એક દિવસ અગાઉ જ ભારત-નેપાળ બોર્ડર પર એક પાકિસ્તાની ઘુસણખોરની ધરપકડ કરવામાં આવી હતી. જમ્મુ-કાશ્મીરના હંદવાડા વિસ્તારમાં થયેલા એન્કાઉન્ટરમાં સિક્યોરિટીફોર્સે બે આતંકીઓને ઠાર મારી તેમની પાસેથી હથિયાર અને દારૂગોળો જપ્ત કર્યો હતો.

### સુનિતા કેજરીવાલે કપિલ મિશ્રાને કહ્યો વિશ્વાસઘાતી



દિલ્હીના મુખ્યમંત્રી અને કપિલ મિશ્રા વચ્ચે ચાલી રહેલા વિવાદમાં તેમના પરિવારના સભ્યો પણ સામેલ થઈ ગયા છે. સુનિતા કેજરીવાલે ટ્વીટર પર કપિલ મિશ્રા વિશે ટિપ્પણી કરી હતી. તેમણે કપિલ મિશ્રાને વિશ્વાસઘાતી ગણાવ્યો હતો.

### આર્મી જવાને કરી આત્મહત્યા

યુનિફોર્મ ફોર્સ હેડક્વાટર્સમાં આર્મી જવાને આત્મત્યા કરી હતી. ૩૨ વર્ષના જવાને સર્વિસ વેપન (સેવા શસ્ત્ર)ની મદદથી ગોળી મારી જીવન ટુંકાવી દીધુ હતુ.

# ઉત્તર પ્રદેશ વિધાનસભામાં ધાંધલ ધમાલ

## જીએસટી બિલ રજૂ કરાયું : રાજ્યપાલ તરફ સંબોધન વેળા કાગળો ફેંકવામાં આવ્યા



લખનૌ, તા. ૧૫ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ભારે ધાંધલ ધમાલ વચ્ચે રાજ્યવિધાનસભામાં જીએસટી બિલ રજૂ કર્યું હતું. વિધાનસભા સત્રના પ્રથમ દિવસે આ બિલ રજૂ કરાયું હતું. કેલેન્ડર વર્ષ ૨૦૧૭માં ઉત્તર પ્રદેશ વિધાનસભાની આ પ્રથમ બેઠક હતી. આશરે ૧૫ વર્ષના ગાળા બાદ શાસક બેંચમાં ભાજપના સભ્યો દેખાયા હતા. રાજ્યપાલ રામ નાઈક તેમના સંબોધનને વધી રહ્યા હતા ત્યારે વિપક્ષી સભ્યોએ ભારે ધાંધલ ધમાલ મચાવી હતી. વિપક્ષી સભ્યો ટોપી પહેરીને અને પ્લે કાર્ડ લઈને આવી ગયા હતા. ખેડૂતો અને કાયદો અને વ્યવસ્થાના મુદ્દે યોગી સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. નાઈકના સંબોધન દરમિયાન સમાજવાદી પાર્ટીના સભ્યોના નેતૃત્વમાં વિરોધ પક્ષોએ હોબાળો જારી રાખ્યો હતો. કેટલાક સભ્યોએ રાજ્યપાલ તરફ પેપરો ફેંક્યા હતા. ભારે ધાંધલ ધમાલ વચ્ચે કોઈ વાત સંભળાઈ રહી ન હતી. નાઈકને ઘણી વખત તેમના સંબોધનને

● અનુસંધાન પાન-૭ પર

# ત્રિપલ તલાક અમાન્ય કરાશે તો નવો કાયદો

## કેન્દ્ર સરકાર તરફથી સુપ્રીમમાં સ્પષ્ટ રજૂઆત : સતત ત્રીજા દિવસે ત્રિપલ તલાકને પડકાર ફેંકતી અરજી પર સુનાવણી

નવીદિલ્હી, તા. ૧૫ કેન્દ્ર સરકારે આજે સુપ્રીમ કોર્ટમાં સાફ શબ્દોમાં કહ્યું હતું કે, જો કોર્ટ ત્રિપલ તલાકને અમાન્ય અને બિનબંધારણીય જાહેર કરે છે તો તેઓ મુસ્લિમોની વચ્ચે લગ્ન અને તલાકના નિયમન માટે એક નવો કાયદો બનાવશે. બીજી બાજુ કોર્ટે પણ આજે સ્પષ્ટતા કરી હતી કે, હાલમાં તે માત્ર ત્રિપલ તલાકના મુદ્દા ઉપર જ સુનાવણી કરનાર છે. એક કરતા વધારે લગ્ન અને નિકાહ હલાલાના મુદ્દા ઉપર મોડેથી સુનાવણી હાથ ધરવામાં આવશે. આને કોર્ટને ખુબ મહત્વપૂર્ણ ટિપ્પણી તરીકે ગણવામાં આવે છે. એટર્ની જનરલ મુકુલ રોહતાગીએ ચીફ જસ્ટિસ જગદીશસિંહ ખેહરના નેતૃત્વવાળી પાંચ સભ્યોની બંધારણી પીઠ સમક્ષ રજૂઆત કરી હતી કે, જો કોર્ટ તરત ત્રિપલ તલાકના તરીકાને લઈને તેને યોગ્ય ઠેરવે છે તો કેન્દ્ર સરકાર મુસ્લિમ સમુદાય વચ્ચે લગ્ન અને તલાકના નિયમન માટે કાયદો

● અનુસંધાન પાન-૭ પર

# પ્રિમિયર ટ્રેનોમાં ટુંક સમયમાં પસંદગીની ફિલ્મો જોઈ શકાશે

## રાજધાની અને શતાબ્દીમાં સૌથી પહેલા સુવિધા શરૂ કરાશે : યાત્રીઓની યાત્રાને આરામદાયક બનાવવાના હેતુસર મહત્વપૂર્ણ હિલચાલ સ્ટેશનો ઉપર પણ સુવિધા શરૂ કરાશે : રેલવેની આવકમાં જંગી વધારો થશે



નવી દિલ્હી,તા. ૧૫ રેલવે યાત્રીઓને વધુને વધુ સુવિધા આપવા માટે રેલવે દ્વારા પગલા લેવામાં આવી રહ્યા છે. હવે રેલવે ટુંક સમયમાં જ યાત્રીઓને પોતાની પસંદગીની ફિલ્મો અને ટીવી કાર્યક્રમ પણ દર્શાવશે. ખાસ ટ્રેનોમાં એવી સુવિધા આપવા જઈ રહી છે જેમાં તેઓ પોતાના લેપટોપ અને મોબાઈલ ફોન પર લોકપ્રિય ફિલ્મો, ટીવી અને પસંદગીના કાર્યક્રમને જોઈ શકશે. પ્રથમ તબક્કામાં આ સુવિધા રાજધાની અને શતાબ્દીમાં શરૂ કરવામાં આવી રહી છે. મોડેથી અન્ય ટ્રેનોમાં પણ આ સુવિધા શરૂ કરવામાં આવનાર છે. અલબત્ત આ સેવાનો લાભ લેવા માટે યાત્રીઓને

● અનુસંધાન પાન-૭ પર

# કુલભૂષણ જાધવની ફાંસીને રોકવા માટેની ઉગ્ર માંગણી

## પાકિસ્તાનમાં ટ્રાયલ બિલકુલ બનાવટી : સુનાવણી પહેલા જ કુલભૂષણ જાધવને ફાંસી પર લટકાવી દેવામાં આવશે :ઇન્ટરનેશનલ કોર્ટમાં ભારતના એટર્ની જનરલ સાલ્વેની રજૂઆત

નવીદિલ્હી, તા. ૧૫ ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસમાં આજે કુલભૂષણ જાધવને લઈને ભારત અને પાકિસ્તાન તરફથી તર્કદાર દલીલો કરવામાં આવી હતી. ભારત તરફથી દલીલો સમેટી લેવામાં આવી હતી ત્યારબાદ પાકિસ્તાન તરફથી દલીલો હાથ ધરાઈ હતી. ભારત તરફથી જોરદાર દલીલો કરવામાં આવી હતી અને કહેવામાં આવ્યું હતું કે, પાકિસ્તાનમાં ટ્રાયલ બનાવટી અને દેખાવા પુરતી છે. ભારતે કુલભૂષણ જાધવની ફાંસીને રોકી દેવા ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસને કહ્યું હતું. ભારતે આઈસીજેને સાફ શબ્દોમાં કહ્યું હતું કે, આ સુનાવણી પૂર્ણ થતાં પહેલા જ કુલભુષણ જાધવને ફાંસી ઉપર લટકાવી દેવામાં આવશે. કુલભૂષણ જાદવને લઈને પાકિસ્તાની લશ્કરી કોર્ટે જાસુસીના આરોપસર તેને ફાંસીની સજા ફટકારી હતી.

● અનુસંધાન પાન-૭ પર










